**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ હેઠળ મંજૂર કરવામાં આવેલ તાલુકા /જિલ્લા કક્ષાના કરાર આધારિત ટેકનિકલ આસિસ્ટંટ અને આસિસ્ટંટ વર્કર્સ મેનેજરની લાયકાત , પગાર ધોરણમાં સુધારો કરવા બાબત.**

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક :- આઈડીબી-૧૦૨૦૧૧-એસએફએસ-૨૫૫૦/ ખ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-30-07-૨૦૧૧

**વંચાણે લીધાઃ-** પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા.૧૫/૯/૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:આઈડીબી/૧૦૨૦૧૦/ એસએફએસ/૨૪૮૯ /ખ-૧

**આમુખ :-**

વંચાણે લીધેલ પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ના તા.૧૫/૯/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક:આઈડીબી/૧૦૨૦૧૦/એસએફએસ/૨૪૮૯/ ખ-૧ થી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજય કક્ષા,જિલ્લા કક્ષા ,તાલુકા કક્ષા તથા ગ્રામ પંચાયત કક્ષાનું મહેકમ પત્રક:૧(અ),પત્રક:૧(બ),પત્રક:૨(અ),પત્રક:૨(બ),પત્રક:3(અ),પત્રક:3(બ),પત્રક:૪ ,મુજબ તા.૨૮/૨/૨૦૧૪ સુધી મંજૂર કરવામાં આવેલ છે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ દર વર્ષે હાથ ધરવામાં આવતા પરવાનગીપાત્ર કામો જેવા કે રસ્તાના કામો ,જળસંચયના કામો અને જળસંગ્રહના કામો, પરંપરાગત જળસંચય અને જળસંગ્રહને લગતિ સુવિધાઓ જેવી કે કાંસ,વાવ,તળાવ,વોકળા, કુવા, પાણીના

સંગ્રહ માટેના સ્ત્રોતોનું નવીનીકરણ ,પૂરનિયંત્રણ વગેરે પ્રકારના કામોનું અમલીકરણ સિવિલ એન્જીનિયરની લાયકાત ધરાવતા કરાર આધારિત તાંત્રિક અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ દ્વારા કરાવવામાં આવે છે,પરંતુ લેબર બજેટમાં સમાવિષ્ટ ગ્રામ્ય કક્ષાના કામો જેમ કે જમીન વિકાસના કામો, ફળઝાડની ખેતી, વનીકરણ,ફૂલ-છોડની ખેતી, કુદરતી જૈવિક ખાતર,જૂથ કૂવા વગેરે કરાવવા માટે સંબંધિત કામોના જાણકાર અને લાયકાત ધરાવતા તાંત્રિક અધિકારીશ્રીઓ હાલ ઉપલબ્ધ નથી. તે માટે સિવિલ એન્જીનિયર ,સર્વેયરની લાયકાત ઉપરાંત વનીકરણ, કૃષિવિજ્ઞાન, બાગાયત, સોઇલ અને વોટર એન્જીનિયરિંગ તથા હાઈડ્રોલોજી વિષયની સ્નાતક અને અનુસ્નાતક પદવી ધરાવતા ઉમેદવારોની જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે. આ જરૂરિયાતને લક્ષમાં લઈ રાજ્ય સરકાર દ્વારા નિયત કરાયેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેરો કરવાની અને તેને અનુરૂપ પગાર ધોરણ નિયત કરવાની બાબત સક્રિય વિચારણા હેઠળ હતી.

## ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે તા.૧૫/૯/૨૦૧૦ના ઠરાવના પત્રક:૨(બ) જિલ્લા કક્ષાના ટેકનિકલ આસિસ્ટન્ટ અને પત્રક:3(બ) તાલુકા કક્ષાના આસિસ્ટન્ટ વર્કસ મેનેજર અને ટેકનિકલ આસિસ્ટન્ટની જગ્યાની નિયત થયેલ લાયકાત અનુભવ અને પગાર ધોરણમાં તથા જિલ્લા કક્ષાએ સામેલ પત્રક-(એ), તાલુકા કક્ષાએ પત્રક-(બી-૧) અને (બી-૨) મુજબ સુધારો કરવા ઠરાવવામાં આવે છે.

આ હુકમનો અમલ ઠરાવની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

તા. ૧૫/૯/૧૦ ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૭/૬/૨૦૧૧ ની નોંધ પરની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એન.મેજીયાતર)
નાયબ સચિવ (ગ્રામ વિકાસ)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

પ્રતિ.

1. માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
2. માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય , ગાંધીનગર.
3. માન. મંત્રીશ્રી (ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. માન.રા.ક. મંત્રીશ્રી ( ગ્રામ વિકાસ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
5. તમામ માન. મંત્રીશ્રીઓ /રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
6. મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી ,સચિવાલય ,ગાંધીનગર.
7. અધિક મુખ્ય સચિવશ્રી,નાણાં વિભાગ ,સચિવાલય,ગાંધીનગર.
8. અધિક મુખ્ય સચિવશ્રી,સામાન્ય વહીવટ વિભાગ ,સચિવાલય ,ગાંધીનગર.
9. અધિક મુખ્ય સચિવશ્રી,પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ ,સચિવાલય ,ગાંધીનગર.
10. અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ ,સચિવાલય ,ગાંધીનગર.
11. અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ ,સચિવાલય ,ગાંધીનગર.
12. અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ સચિવાલય ,ગાંધીનગર
13. અગ્ર સચિવશ્રી , નર્મદા,જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,સચિવાલય, ગાંધીનગર
14. અગ્રસચિવશ્રી ,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય ,ગાંધીનગર.
15. સચિવાલયના સર્વે વિભાગો.
16. કમિશ્નરશ્રી -વ-અગ્ર સચિવશ્રી, ગ્રામ વિકાસની કચેરી,બ્લોક નં : ૧૬/૩, ડાં. જીવરાજ મહેતા ભવન ,ગાંધીનગર.

17. વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી ,બ્લોક નં : ૧૬/૨ , ડૉ. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર.
18. સર્વે કલેકટરશ્રીઓ. (કમિશનર,ગ્રામ વિકાસની કચેરી મારફત)
19. જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર -વ- જિલ્લા વિકાસ અધિકારીશ્રી , તમામ.(કમિશનર,ગ્રામ વિકાસની કચેરી મારફત)
20. અધિક જિલ્લા પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર -વ- નિયામકશ્રી , જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, તમામ (કમિશનર,ગ્રામ વિકાસની કચેરી મારફત)
21. ટેકનિકલ ડાયરેકટરશ્રી , એન.આઈ.સી ,બ્લોક નં. ૧૩, નવા સચિવાલય, ગાંધીનગર.
22. ડિસ્ટ્રિક્ટ ઈન્ફર્મેટિકસ ઓફિસ , એન.આઈ.સી.,કલેકટર કચેરી કેમ્પસ , તમામ.
23. એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત, રાજકોટ / અમદાવાદ.
24. પગાર અને હિસાબી અધિકારીશ્રી , ગાંધીનગર.
25. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
26. શાખા ફાઈલ.
27. પસંદગી ફાઈલ.

:: પત્રક :(એ) ::

::મૂળ પત્રક: ૨(બ)નો સુધારો

જિલ્લા કક્ષાનું મહેકમ :: કરાર આધારિત ભરવાની જગ્યાઓ

| અ.નં. | હાલની જગ્યા તથા પગાર - ધોરણ | જગ્યાની સંખ્યા | હાલની શૈક્ષણિક લાયકાત અને અનુભવ | સુધારેલ શૈક્ષણિક લાયકાત , અનુભવ અને પગાર ધોરણ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ |
| ૪ અને ૭ | ટેકનિકલ આસિસ્ટન્ટ ડિપ્લોમા સિવિલ, ૧ વર્ષના અનુભવીને અગ્રતા રૂ. ૧૩000/- પ્રતિ માસ ફિકસ | ૫૨ | ડિપ્લોમા સિવિલ, ૧ વર્ષના અનુભવીને અગ્રતા | બીઈ. સિવિલ<br>બી.ટેક (એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ/સોઈલ એંજિનિયરિંગ/હાઈડ્રોલોજી)<br>એમએસસી.( એગ્રિકલ્ચર/હોર્ટિકલ્ચર/ફોરેસ્ટ્રી )<br>સંબંધિત ક્ષેત્રનો અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા અથવા કેમ્પસ રિકુટમેંટ ધ્વારા રૂ..૧૬૫00/- ફિકસ પગારે<br>**અથવા**<br>ડિપ્લોમા સિવિલ /<br>બીએસસી (એગ્રિકલ્ચર / હોર્ટિકલ્ચર / ફોરેસ્ટ્રી) સંબંધિત ક્ષેત્રનો અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા અથવા કેમ્પસ રિકુટમેંટ ધ્વારા રૂ. ૧૩000/- માસિક ફિકસ પગારે<br>**અથવા**<br>સર્વેયર (આઈટીઆઈ)<br>સંબંધિત ક્ષેત્રનો અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા અથવા કેમ્પસ રિકુટમેંટ ધ્વારા રૂ. ૮000/- માસિક ફિકસ પગારે | |

(એચ.એન. મેજીયાતર)
નાયબ સચિવ( ગ્રામ વિકાસ)

:: પત્રક :(બી -૧) ::

મૂળ પત્રક: ૩(બ) નો સુધારો

તાલુકા કક્ષાનું મહેકમ : કરાર આધારિત ભરવાની જગ્યાઓ

| અ.નં. | હાલની જગ્યા તથા પગાર ધોરણ | જગ્યાની સંખ્યા | હાલની શૈક્ષણિક લાયકાત અને અનુભવ | સુધારેલ શૈક્ષણિક લાયકાત , અનુભવ અને પગાર ધોરણ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૪ | આસિસ્ટન્ટ વર્કસ મેનેજર (તાલુકા દીઠ એક)<br>ફિકસ રૂ.૧૬,૫૦૦/- પ્રતિ માસ | ૨૨૪ | બી.ઈ. સિવિલ - અનુભવીને અગ્રતા | બીઈ. સિવિલ<br>બી.ટેક (એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ / સોઈલ એંજિનિયરિંગ / હાઈડ્રોલોજી)<br>એમએસસી.( એગ્રિકલ્ચર / હોર્ટિકલ્ચર / ફોરેસ્ટ્રી )<br>સંબંધિત ક્ષેત્રનો અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા અથવા કેમ્પસ રિક્રુટમેંટ ધ્વારા રૂ.૧૬૫૦૦/- ફિકસ પગારે<br>અથવા<br>ડિપ્લોમા સિવિલ /<br>બીએસસી (એગ્રિકલ્ચર / હોર્ટિકલ્ચર / ફોરેસ્ટ્રી) સંબંધિત ક્ષેત્રનો અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા અથવા કેમ્પસ રિક્રુટમેંટ ધ્વારા રૂ. ૧૩૦૦૦/- માસિક ફિકસ પગારે | |

(એચ.એન. મેજીયાતર)
નાયબ સચિવ( ગ્રામ વિકાસ)
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

:: પત્રક :(બી-૨) ::

મૂળ પત્રક ૩(બ)નો સુધારો

તાલુકા કક્ષાનું મહેકમ : કરાર આધારિત ભરવાની જગ્યાઓ

| અ.નં. | હાલની જગ્યા તથા પગાર ધોરણ | જગ્યાની સંખ્યા | હાલની શૈક્ષણિક લાયકાત અને અનુભવ | સુધારેલ શૈક્ષણિક લાયકાત , અનુભવ અને પગાર ધોરણ | રિમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨ અને ૫ | ટેકનિકલ આસીસ્ટન્ટ (સિવિલ) તાલુકા દીઠ-૬ ફિક્સરૂ.૧૩,૦૦૦/- પ્રતિ માસ અથવા | ૧૨૭૮ | ડિપ્લોમા સિવિલ - અનુભને અગ્રતા | બીઈ. સિવિલ<br>બી.ટેક (એગ્રિકલ્ચર એન્જિનિયરિંગ/સોઈલ એંજિનિયરિંગ/હાઈડ્રોલોજી)<br>એમએસસી.( એગ્રિકલ્ચર/હોર્ટિકલ્ચર/ફોરેસ્ટ્રી )<br>સંબંધિત ક્ષેત્રનો અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા અથવા કેમ્પસ રિક્રુટમેંટ ધ્વારા રૂ.૧૬૫૦૦/- ફિકસ પગારે<br>અથવા<br>ડિપ્લોમા સિવિલ /<br>બીએસસી (એગ્રિકલ્ચર / હોર્ટિકલ્ચર / ફોરેસ્ટ્રી) સંબંધિત ક્ષેત્રનો અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા અથવા કેમ્પસ રિક્રુટમેંટ ધ્વારા રૂ. ૧૩૦૦૦/- માસિક ફિકસ પગારે | |
| | ફિક્સ રૂ..૮,૦૦૦/- પ્રતિ માસ | | સર્વેયર આઈ.ટી. આઈ. - અનુભવીને અગ્રતા | અથવા<br>સર્વેયર (આઈટીઆઈ)<br>સંબંધિત ક્ષેત્રનો અનુભવ ધરાવનાર ઉમેદવારને અગ્રતા અથવા કેમ્પસ રિક્રુટમેંટ ધ્વારા રૂ.. ૮૦૦૦/- માસિક ફિકસ પગારે | |

(એચ.એન. મજીયાતર)
નાયબ સચિવ( ગ્રામ વિકાસ)
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

17/C
7